સાફલ્યગાથાની માહિતી તા.૧૮/૦૭/૨૦૧૬ થી ૨૪/૦૭/૨૦૧૬

| | | |
|---|---|---|
| તા.૧૮/૦૭/૧૬<br>થી<br>તા.૨૪/૦૭/૧૬ | આણંદ | **<u>તા.૧૯/૦૭/૧૬</u>**<br>પોલીસ અધિક્ષકશ્રી સૌરભસિંઘ સાહેબ નાઓએ આણંદ જીલ્લાના માંથી દારૂની બદી નેસ્ત નાબુદ કરવા એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી હરેશ વોરા નાઓએ સુચના કરેલ જે અનુસંધાને પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી. આણંદ નાઓની સુચના મુજબ ગઇકાલ રોજ રાત્રીના આશરે નવેક વાગ્યાના સુમારે એલ.સી.બી. પોલીસ સબ ઇન્સ્પેક્ટર એન.આર.વાઘેલા તથા સ્ટાફના માણસો પો.કો.અજયસિંહ, પો.કો. સચીનકુમાર તથા પો.કો. જયદિપસિંહ તથા વાસદ પોલીસ સ્ટાફના માણસો સાથે વાસદ ચોકડી પાસે બાતમી આધારે વોંચ તપાસમાં હતા દરમ્યાન એક સ્વીફ્ટ ડીઝાયર ગાડી નંબરઃ જી.જે.૧૭.બી.એ.૩૪૯૨ આવતા જેને કોર્ડન કરી પકડી લઇ ગાડીમાં તલાસી લેતા વિદેશી દારૂનો જથ્થો હરીયાણા બનાવટની બોટલો તથા બીયર મળી કૂલ-૬૨૧ નંગ બોટલો કૂલ કિ.રૂ.૯૯,૯૦૦/- નો પ્રોહી મુદ્દામાલ મળી આવતા સ્વીફ્ટ ગાડીમાં બેસેલ બે ઇસમો (૧) વિજયભાઇ દેસાઇભાઇ માળી રહે.હાલ હાલોલ કંજરી રોડ લકુલીસનગર સોસા. તા.હાલોલ જી.પંચમહાલ મૂળ રહે. સાવલી ભાથીજી મંદીર પાછળ માળી મહોલ્લો તા.સાવલી જી.વડોદરા (૨) રાજેન્દ્રભાઇ ભાઇલાલભાઇ માળી રહે. રણોલી માળી મહોલ્લો તા.જી.વડોદરા નાઓ વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરેલ છે અને પ્રોહી મુદ્દામાલ કૂલ નંગ- ૬૨૧ નંગ બોટલો તથા બીયર જેની કૂલ કિ.રૂ.૯૯,૯૦૦/- તથા સ્વીફ્ટ ડિઝાયર ગાડી કિ.રૂ. ૪,૦૦,૦૦૦/- તથા બે મોબાઇલો કિ.રૂ.૧૫૦૦/- મળી કૂલ રૂ.૫,૦૧,૪૦૦/- તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ. |
| | |  |
| -- ,, -- | -- ,, -- | **<u>તા.૧૯/૦૭/૧૬</u>**<br>પોલીસ અધિક્ષકશ્રી સૌરભસિંઘ સાહેબ નાઓએ આણંદ જીલ્લાના માંથી દારૂની બદી નેસ્ત નાબુદ કરવા એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી હરેશ વોરા નાઓએ સુચના કરેલ જે અનુસંધાને પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી. આણંદ નાઓની સુચના મુજબ ગઇકાલ રોજ સાંજના આશરે પાંચથી સાડા પાંચ વાગ્યાના સુમારે એલ.સી.બી. પોલીસ સબ ઇન્સ્પેક્ટર એન.આર.વાઘેલા તથા સ્ટાફના માણસો પો.કો. કીરીટદાન ચંદુભાઇ તથા હે.કો. સંજયભાઇ દયારામ તથા પો.કો. રફીકભાઇ ગનીભાઇ તથા પો.કો. મયુદ્દીન સરકુદ્દીન તથા એલ.સી.બી. સ્ટાફના બીજા સ્ટાફના માણસો તથા આણંદ રૂરલ પો.સ્ટે.ના પો.સ.ઇ. યુ.એ.ડાભી તથા સ્ટાફના માણસો સાથે અરજપુરા 100 સોલાપુરા ચોકડી વિસ્તારમાં વાહન ચેકિંગમાં તથા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો. કીરીટદાન ચંદુભાઇ તથા પો.કો. મયુદ્દીન સરકુદ્દી નાઓને એક સફેદ રંગની ઇનોવા ગાડી નંબરઃ જી.જે.૦૨.બી.ડી.૯૬૧૦ માં બીયરની પેટીઓ હેરાફેરી કરતા હોવાની બાતમી મળેલ હોય જે બાતમી આધારે સોલાપુરા ચોકડી ઉપર રોકવા પ્રયત્ન કરતા ગાડીના ચાલકે પુર ઝડપે હંકારી અજરપુરા ગામમાં વ્હોરવાડ વિસ્તારમાં ગાડી મુકી ભાગી ગયેલ જે પકડાયેલ નહીં જેથી ગાડીમાં તપાસ કરતા બીયરની કૂલ-૫૩ પેટી કિ.રુ.૧,૨૭,૨૦૦/- તથા ઇનોવા ગાડી કિ.૭,૦૦,૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ મળી કૂલ-૮,૨૭,૨૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે લેવામાં આવેલ અને નાસી જનાર આરોપીઓ વિરુધ્ધ પ્રોહીબીશનનો ગુનો દાખલ કરી વધુ |

| | | |
|---|---|---|
| | | તપાસ હાથ ધરવામાં આવેલ છે. |
| -- ,, -- | -- ,, -- |  |
| -- ,, -- | -- ,, -- | **<u>તા.૧૯/૦૭/૧૬</u>**<br>તા.૭/૦૭/૨૦૧૬ નારોજ ચીખોદ્રાસીમ એક્સપ્રેસ હાઇવે પાસે એક સ્વીફ્ટ ડીઝાયર નંબરઃ જી.જે.૦૭.બી.એ.૭૭૭૩ માં વિદેશી દારૂનો જથ્થો કૂલ રૂ.૮૭,૬૦૦/- નો ભરી લાવી પોલીસને જોઇ બે અજાણ્યા ઇસમો નાસી ગયેલ જે અંગે પો.કો. સચીનકુમાર વસંતરાવ નાઓએ સરકાર તરફે ફરીયાદ આપેલ અને આ ગુનાની વધુ તપાસ ચાલુમાં હતી અને આરોપીઓ બાબતે તપાસ કરતા કરાવતા પો.કો. જયદીપસિંહ તથા પો.કો. સચીનકુમાર તથા પો.કો.અજયસિંહ નાઓ વોંચમાં હતા દરમ્યાન આ ગુનામા સંડોવાયેલ મહીપાલ સોહનલાલ બિશ્નોઇ મુળ રહે.રાજસ્થાન, પાદરૂ ગામ તા.શીવાના જી.બાડમેર હાલ રહે.ગામડી, આણંદ નાઓને બપોરના સમયે પકડવામાં આવેલ છે અને આરોપીને પકડી આગળની તપાસ ચાલુમાં છે. |
| -- ,, -- | -- ,, -- |  |
| -- ,, -- | -- ,, -- | **<u>તા.૧૯/૦૭/૧૬</u>**<br>**બંધ મકાનને ટાર્ગટ કરી રાત્રીના ચોરી તથા લુંટ કરતી ગેંગનો મુખ્ય સુત્રધાર ઝડપાયો. નાવલી ગામે થયેલ લુંટનો ગુનાનો ભેદ ઉકેલતી એલ.સી.બી. આણંદ**<br>પોલીસ અધિક્ષકશ્રી સૌરભસિંઘ સાહેબ નાઓએ આણંદ જીલ્લાના મીલ્કત વિરુધ્ધના ગુનાઓ બનતા અટકાવવા સારૂ તથા બનેલ ગુનાઓ શોંધી કાઢવા માટે આણંદ જીલ્લા પોલીસ ની જુદી જુદી ટીમો બનાવી જુદા જુદા રુટો ઉપર સરકારી તથા ખાનગી વાહનમાં નાઇટ પેટ્રોલીંગમાં રાખેલ હતી તે દરમ્યાન એલ.સી.બી સ્ટાફના પોલીસ માણસો અ.હે.કો. સંજયકુમાર દયારામ તથા પો.કો. કીરીટદાન ચંદ્રભાઇ તથા એ.એસ.આઇ. કમુભાઇ સાંજાભાઇ તથા એ.એસ.આઇ. ઇલીયાસમીંયા યુસુફમીંયા તથા પો.કો. રફીકભાઇ ગનીભાઇ તથા પો.કો. ભાવેશભાઇ મફતભાઇ તથા પો.કો. મયુદ્દીન સરફુદ્દીન વિગેરે પોલીસના માણસો આણંદ જીલ્લા વિસ્તારમાં સરકારી વાહન તથા ખાનગી વાહનમાં નાઇટ પેટ્રોલીંગમાં નીકળેલા અને તાજેતરમાં |

| | | |
|---|---|---|
| | | બનેલ ઘરફોડ ચોરીઓ તથા લુંટના ગુનાઓ સબંધે પોલીસ અધિક્ષકશ્રી આણંદ નાઓને અગાઉ પકડાયેલ માણસોની વોંચ તપાસ રાખવા બાબતે સુચનાઓ આપેલ હોય જે આધારે પો.ઇન્સ શ્રી એચ.બી.વોરા. સાહેબ એલ.સી.બી. આણંદ નાઓએ જરૂરી સુચનાઓ આપેલ જે આધારે અમો વોંચ તપાસમાં હતા.તે દરમ્યાન સાથેના અ.હે.કો. સંજયકુમાર દયારામ તથા પો.કો. કીરીટદાન ચંદુભાઇનાઓને બાતમીદારથી બાતમી મળેલ કે, દહેવાણ ગામના દેવીપુજક કોમના માણસો કાંતીભાઇ કુલાભાઇ તથા બુધાભાઇ હિમ્મતભાઇ તથા ડોસાભાઇ બાબરભાઇ તથા જેસંગભાઇ ગલાભાઇ તથા ભુરાભાઇ હીરાભાઇ વિગેરે માણસો ભેગા મળી આણંદ જીલ્લમાં ઘરફોડ ચોરીઓ તથા લુંટના ગુનાઓ કરે છે અને આજરોજ મધ્યરાત્રીના તેઓ ચોરી કરવા માટે ભેગા થનાર છે અને તમામ માણસો અંધારીયા ચકલાથી ઓળખાતી ચોકડી આગળ આવનાર છે. તેવી ચોક્કસ અને વિશ્વાસ પાત્ર માહિતી મળેલ હોય જે આધારે અલગ અલગ ટીમો પાડી એલ.સી.બી. સ્ટાફના માણસો સાથે અંધારીયા ચોકડીએ છુટા છવાયા એકબીજાના સંકલનમાં ગોઠવાઇ ગયેલા તે દરમ્યાન બોરસદ તરફથી આવતા જતા વાહન માંથી ઉતરી એક માણસ આણંદ જીટોડીયા તરફ જવાના રોડ ઉપર આવી શંકાસ્પદ રીતે ઉભો રહેલ જેથી તેના ઉપર શક વહેમ જતા જેને સાથેના હે.કો.સંજયભાઇ તથા એ.એસ.આઇ ઇલીયાસભાઇએ ઓળખેલ તો તે દહેવાણ ગામનો કાંતીભાઇ કુલાભાઇ તળપદા હોય જેથી મળેલ બાતમીને સમર્થન મળતા તેની ઉપર વોંચ રાખવામાં આવેલ અને બીજા માણસો આવે ત્યા સુધી વોંચ ચાલુ રાખવામાં આવેલ પરંતુ મોડે સુધી કોઇ માણસો આવેલ નહીં જેથી કાંતીભાઇ કુલાભાઇ પાછો બોરસદ તરફ જવાના રોડ ઉપર જઇ કોઇ વાહનની તથા પોતાની ગેંગના બીજા સાગરીતોની રાહ જોતો હોય જેથી તેની નજીકમાં જતા પોલીસને જોઇ નાસવા જતા તેને કોર્ડન કરીને પકડી લીધેલ અને તેનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ કાંતીભાઇ કુલાભાઇ તળપદા ઉ.વ.૫૫ રહે.દહેવાણ તા.બોરસદ નો હોવાનુ જણાવેલ તેની ઝડતી તપાસ કરતા એક લોખંડનુ ગણેશીયુ મળી આવેલ અને તેની પુછપરછ કરતા પોતે તથા પોતાના સાગરીતો દહેવાણ ગામના બુધાભાઇ હિમ્મતભાઇ તથા ડોસાભાઇ બાબરભાઇ તથા જેસંગભાઇ ગલાભાઇ તથા ભુરાભાઇ હીરાભાઇ એ રીતેના ભેગા મળી બોરસદ બાજુ ચોરી કરવાના હતા પરંતુ કોઇ જગ્યા ચોક્કસ ન હતી. વિગેરે હકીકત જણાવેલ હોય જેથી સદરી ઇસમ ચોરી કરવાના ઇરાદે અત્રે આવેલ હોય પકડી કાયદેસર કાર્યવાહી કરી આગળની તપાસ માટે આણંદ રૂરલ પો.સ્ટે. સોંપવા તજવીજ કરેલ છે. સદર આરોપીને એલ.સી.બી ઓફીસે લાવી વિશ્વાસમાં લઇ મધરાતે અંધારીયા ચકલાની હાજરી બાબતે પુછતા પોતે આજથી બે સવા બે મહીના ઉપર નાવલી ગામે બસ સ્ટેન્ડ નજીક એક બંગ્લામાં એક ઘરડા માજી તથા એક ભાઇ રહેતા હતા તે ઘરમાં સોના – ચાંદીના દાગીના તથા કારતુસ તથા ઘડીયાળ તથા રોકડની લુંટ કરેલાની કબુલાત કરેલ છે. જે લુટ કર્યા પછી આ વિસ્તારમાં બીજો કોઇ સારૂ રહેણાંક મકાનમાં ચોરી કરવાના ઇરાદે પોતે પોતાની ઉપરોક્ત માણસોનની ગેંગ સાથે દહેવાણ થી સટલીયા રિક્ષામાં અત્રે આવેલાનુ જણાવેલ છે. સદર નાવલી ગામે થયેલ લુંટના બનાવ બાબતે આણંદ રૂરલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬૧/૧૬ ઇ.પી.કો.ક.૪૫૭,૩૮૦,૩૯૨,૩૯૪ નો ગુનો ડીટેક્ટ થયેલ છે. આ ઉપરાંત આશરે આઠ-નવ મહીના ઉપર બોરસદ સુર્ય મંદીર સામે આવેલ સોસાયટીમાં તથા એક હોસ્પીટલની પાછળ આવેલ સોસાયટીના ત્રણ મકાનોમાં તાળા નકુચા તથા બારીની ગ્રીલ કાઢી ઘરફોડ ચોરી કરેલાની કબુલાત કરેલ છે જે અંગે ખાતરી કરતા બોરસદ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૮૨/૧૫ ઇ.પી.કો.ક.૪૫૭,૩૮૦ તથા બોરસદ ટાઉન પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૯૧/૧૫ ઇ.પી.કો.ક.૪૫૭,૩૮૦ નો ગુનો ડીટેક્ટ થયેલ છે. આ ઉપરાંત આજથી આશરે અઠવાડીયા ઉપર સીંગલાવ ગામે ખેતરોના રસ્તે થઇ એક તમાકુની ખરી નજીક આવેલ એક બંગ્લામાં રાત્રી એક વૃધ્ધ કાકાને માર મારી તેઓનુ ઘર ખોલાવી લુંટ કરવામાટે કોશીષ કરેલ પરંતુ તે દરમ્યાન પોલીસ પેટ્રોલીંગની ગાડી આવી જતા પોતે ઉપરોક્ત પોતાના તમામ માણસો સાથે ખેતરાળુ રસ્તે બોરસદ થઇ દહેવાણ પોતાના ઘરે જતા રહેલ. સદર બનાવ બાબતે બોરસદ રૂરલ પો.સ્ટે. ફ.ગુ.ર.ન.૪૪/૧૬ ઇ.પી.કો.ક.૩૯૩,૩૯૪,૪૫૦,૧૧૪ મુજબનો ગુનો કરેલાની કબુલાત કરેલ છે. સદરહુ પકડાયેલ આરોપી કાંતીભાઇ કુલાભાઇ |

| | | |
|---|---|---|
| | | તળપદા રહે.દહેવાણ મોટુ ફળીયુ વાઘરી વાસ નાનો દહેવાણની દેવીપુંજક ગેંગનો મુખ્ય સુત્રધાર છે. જે આ અગાઉ ૧૫ જેટલા ઘરફોડ ચોરી, લુંટ તથા ધાડ તથા બળાત્કાર તથા મર્ડર જેવા ગુનાઓમાં બોરસદ, આંકલાવ, પેટલાદ, ખંભાત, વાસદ, મહેમદાવ, વાલીયા, ભરૂચ વિગેરે વિસ્તારોના ગુનાઓમાં પકડાયેલ છે. જે પોતાના સાગરીતો મારફતે સધ્યાકાળે પોતાના રહેણાંક થી ખેતરાળુ રસ્તે રોડ ઉપર આવી શટલીયા રિક્ષામાં કોઇ પણ જગ્યાએ જતા હતા અને ટાર્ગેટ કરેલી જગ્યાએ રાત્રીના અગ્યાર વાગ્યા પહેલા પહોચીને રેકી કર્યા બાદ ચોરી તથા લુટને અંજામ આપતા હતા. સદર આરોપીની પુછપરછ દરમ્યાન અન્ય ગુનાઓ સબંધે પુછપરછ ચાલુમાં છે અને આગળની તપાસ માટે આણંદ રૂરલ પો.સ્ટે.માં સોંપવામાં આવેલ છે. |
| -- ,, -- | -- ,, -- |  |
| -- ,, -- | -- ,, -- | <u>તા.૨૪/૦૭/૧૬</u><br>**આધ્રપ્રદેશ રાજ્યના જુદા-જુદા જીલ્લાઓમાં ૧૦ થી વધુ ઘરફોડ ચોરી કરી તરખાટ મચાવતો રીઢો નામચીન આરોપીને પકડતી એલ.સી.બી. આણંદ**<br>મહે. પોલીસ અધીક્ષક શ્રી આણંદના ઓએ મિલકત વિરૂધ્ધના ગુનાઓ બનતા અટકાવવા સારૂ તથા શોધી કાઢવા સારૂ મીટીંગ રાખી જરૂરી સૂચનાઓ આપેલ હોય જે આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી એચ.બી.વોરા એલ.સી.બી. આણંદ નાઓએ એલ.સી.બી. સ્ટાફના માણસોને ઉપરોક્ત કામગીરી કરવા તેમજ નાસતા-ફરતા આરોપીઓ પકડવા સારૂ જરૂરી પેટ્રોલીંગ રાખવા સૂચનાઓ આપેલી અને આધ્રપ્રદેશ રાજયના વિજ્યાનગરમ પો.સ્ટે.ના ફ.ગુ.ર.નં.૪૩૫/૧૪ તથા ફ.૨૧૨/૧૪ ઇ.પી.કો.ક.૪૫૭, ૩૮૦ વિગેરેના ગુનામાં નન્નુ સીંધીયાભાઇ મેડા ભીલ રહે.અગાવાડા નવાપરા તા.ગરબાડા જી.દાહોદ નો નાસતા-ફરતો હોય જેઓની તપાસમાં આંધ્રપ્રદેશ પોલીસ અત્રે આવી આવેલ જેથી એલ.સી.બી. સ્ટાફના માણસો સદરી આરોપીને ઓળખતા હોય આજ રોજ પો.સ.ઇ. એન.આર.વાઘેલા તથા પો.કો. રણધીરસિંહ મદનસિંહ તથા પો.કો. સચીનકુમાર વસંતરાવ તથા પો.કો. ભાવેશકુમાર મફતભાઇ તથા પો.કો. અજયસિંહ હિમ્મતસિંહ તથા પો.કો. જયદીપસિંહ નાથુસિંહ તથા પો.કો. સંદીપકુમાર અપ્પાસાહેબ વિગેરે પોલીસ માણસો સાથે આધ્રપદેશ પોલીસની સાથે મદદમાં હતા દરમ્યાન પો.કો. રણધીરસિંહ મદનસિંહ નાઓને વિશ્વાસ પાત્ર માહીતી મળેલ કે ઉપરોક્ત નાસતો-ફરતો આરોપી આજરોજ બોરસદ ચોકડી થઇને તારાપુર તરફ જનાર છે અને તેણે ભુરા રંગનુ શર્ટ તથા પેન્ટ પહેરેલ છે વિગેરે માહિતી મળેલ હોય જેથી સ્ટાફના માણસો સાથે બોરસદ ચોકડીએ તારાપુર તરફ જવાના રોડ નજીકમાં વોચ તપાસમાં ગોઠવાયેલ અને આવતા જતા વાહનોની વોચ તપાસ કરતા હતા. તે દરમ્યાન જીટોડીયા રોડ તરફથી એક રીક્ષામાંથી એક ઇસમ ઉતરીને તારાપુર તરફ જવાના રોડ ઉપર આવીને ઉભો રહેલ અને તેને જોતા તે બાતમી મુજબના વર્ણનવાળો હોય તેમજ સ્ટાફના માણસોએ ઓળખેલ તો તે નન્નો સીંધીયાભાઇ મેડા ભીલ રહે.અગાવાડા નવાપરા તા.ગરબાડા જી.દાહોદ નાનો હોય તેની નજીકમાં જઇ કોર્ડન કરી પકડવા જતા તે અમો પોલીસને જતા નાસવાનો પ્રયત્ન કરતા તેને ત્યાંજ રોકી લેવામાં આવેલ અને તેનુ નામ નન્નો સીંધીયાભાઇ મેડા ભીલ રહે.અગાવાડા નવાપરા |

| | | |
|---|---|---|
| | | તા.ગરબાડા જી.દાહોદનો હોવાનુ જણાવેલ અને આરોપી વોટેંડ હોય એલ.સી.બી. ઓફીસે લાવી પૂછપરછ કરવામાં આવેલ અને આધ્રપ્રદેશ પોલીસ સાથે હોય અને આધ્રપ્રદેશ રાજયના જુદા જુદા જીલ્લાઓમા ૧૦ થી વધુ ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં સંડોવાયેલ છે તેમજ અગાઉ આણંદ, રાજકોટ તથા ગોંડલ જીલ્લાઓના પોલીસ્ટેશનમાં પણ ઘરફોડ ચોરીના ગુનાઓમા સંડોવાયેલ છે. સદરી આરોપીને આધ્રપ્રદેશ પોલીસને સોંપવામાં આવેલ છે. |
| -- ,, -- | -- ,, -- |  |

સહી/-

(સૌરભ સિંઘ)

પોલીસ અધિક્ષક

આણંદ.

**પ્રતિ,**

ડાયરેકટર શ્રી, (ઇ-ગવર્નન્સ), ગુજરાત ઇન્ફોર્મેટીકસ લી.,
બ્લોક નં.-૧, આઠમો માળ, ઉધ્યોગ ભવન, સેકટર-૧૧,
ગાંધીનગર. ઇ-મેઇલ - gujinfo.gog@gmail.com

**નકલ સવિનય રવાના** :-
પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદ.